**બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી ખાતે નાણા અને હિસાબી અધિકારી, વર્ગ-૧ની જગ્યા પુન:જીવિત કરવા બાબત.**

ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: **TDD/BMU/e-file/25/2024/0300/G**

સચિવાલય, ગાંધીનગર.

તા. ઈ-સાઈન મુજબ

<u>વંચાણે લીધા:-</u>

(૧) બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી એક્ટ, ૨૦૧૭

(૨) આ વિભાગનો તા.૦૯/૦૬/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: અનશ/૨૦૨૦૧૬/૩૧૯/ગ

(૩) આ વિભાગનો તા.૧૭/૦૮/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: બમય/૨૦૨૦૧૮/૩૫૦/ગ

(૪) કા.કુલ સચિવશ્રી, બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીનો તા.૦૮/૧૦/૨૦૨૪નો પત્ર ક્રમાંક: ટ્રાઈ.યુનિ./નર્મદા/ફા.નં.-૧૦૮/મ.ચા.રા.દ.ફા./૩૪૦૭ થી ૩૪૧૦/૨૦૨૪

<u>પ્રસ્તાવના:-</u>

બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી એક્ટ ૨૦૧૭ની કલમ-૧૦માં યુનિવર્સિટીના અધિકારીઓ પૈકી ક્રમ-(૭) પર નાણા અને હિસાબી અધિકારીની જગ્યા નિયત કરેલ છે. નાણા અને હિસાબી અધિકારીએ સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતા નાણાનાં આદર્શ વહીવટી/નાણાકીય વ્યવસ્થાપનમાં એક્ટની જોગવાઈઓ અમુસાર ખુબ જ અગત્યની કામગીરી કરવાની રહે છે. વધુમાં, એક્ટમાં આ જગ્યા પ્રતિનિયુક્તિથી ભરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

જે ધ્યાને લઇ વિભાગના વંચાણે લીધેલ ક્રમ-(૨) પરના ઠરાવથી બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી ખાતે એકાઉન્ટન્ટ/ઓડિટર, વર્ગ-૧ (પગાર ધોરણ-રૂ.૧૫,૬૦૦- ૩૯,૧૦૦ ગ્રેડ પે-૬૬૦૦)ની જગ્યા મંજૂર કરવામાં આવેલ હતી. પરંતુ, આ જગ્યા પ્રતિનિયુક્તિથી ન ભરવાના કારણોસર વિભાગના વંચાણે લીધેલ ક્રમ-(૩) પરના ઠરાવથી રદ કરવામાં આવેલ હતી. નાણા અને હિસાબી અધિકારીએ બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી એક્ટની જોગવાઈઓ અનુસારની યુનિવર્સિટીના નાણા અને હિસાબોને લગતી મહત્વની કામગીરી કરવાની થતી હોઇ, વંચાણે લીધેલ ક્રમ-(૪)થી કા.કુલ સચિવશ્રી, બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી દ્વારા આ જગ્યા પુન:જીવિત કરવા દરખાસ્ત કરેલ, જે બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:-</u>

પુખ્ત વિચારણાનાં અંતે, બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી ખાતે વિભાગના તા.૦૯/૬/૨૦૧૭ના ઠરાવથી મંજુર કરેલ અને તા.૧૭/૦૮/૨૦૨૧ના ઠરાવથી રદ કરેલ નાણા અને હિસાબી અધિકારી (એકાઉન્ટન્ટ/ઓડિટર) વર્ગ-૧, પગાર ધોરણ-લેવલ-૧૧/૧૫,૬૦૦- ૩૯,૧૦૦ ગ્રેડ પે-૬૬૦૦ની જગ્યાને પુન:જીવિત કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ જગ્યા એક વર્ષમાં પ્રતિનિયુક્તિથી ભરી દેવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૨૦/૧૧/૨૦૨૪થી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે,

**(જનક ભાલોડીયા)**

**સેકશન અધિકારી**

આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના:-**

- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના અગ્ર રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.
- કુલ સચિવશ્રી, બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, રાજપીપળા, જિ-નર્મદા.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ ઓનલાઈન પ્રસિદ્ધ કરવા સારૂ.
- શાખા સિલેક્ટ ફાઈલ : ૨૦૨૪